# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કળયુગની પરાકાષ્ઠા | ‘દીકરા’ના મોહમાં દયાવિહીન પિતાએ જ સાત વર્ષની માસૂમ ‘દીકરી’નો જીવ લીધો

# કપડવંજમાં પિતાએ પુત્રીને કેનાલમાં ફેંકી હત્યા કરી!

**દીકરો પામવા માટે** અંધશ્રદ્ધા રાખી અને બલિ ચઢાવવાના સ્વરૂપે દીકરીનો ભોગ લીધાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

કળયુગના એક પિતાએ જલ્લાદને પણ શરમાવે તેવી ક્રૂર માનસિકતા બતાવી પોતાની સગી સાત વર્ષની દીકરીને કેનાલમાં નાખી હત્યા કરી હોવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના ચેલાવત નજીક આવેલા માલવણ ગામે બનેલી આ ઘટનાએ સમગ્ર પંથકમાં હાહાકાર મચાવ્યો છે. દીકરાની ખેવના ધરાવતા પિતાએ પુત્રીના જન્મથી જ અણગમો ધરાવતો હોવાનો આક્ષેપ મૃતકના મોસાળ પક્ષ દ્વારા કરવામાં આવ્યો છે. આ હૃદયદ્રાવક ઘટના બાદ, મોંમેરૂ ભરવાની ખેમના ધરાવતા મોસાળ પક્ષે પોતાની ભાણેજની કરુણ હત્યા માટે ન્યાયની લડત ઉગામી છે.

આ સમગ્ર મામલે મૃતક દીકરી ભૂમિકાના દાદાએ પોલીસને લેખિત ફરિયાદ આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, મૃતક ભૂમિકાનો જન્મ થયો ત્યારથી જ તેના પિતા વિજયભાઈ સોલંકી (રહે. માલવણ, કઠલાલ) દીકરીને સ્વીકારી શક્યા ન હતા. આ કારણે જ દીકરીની માતા અંજનાબેન સોલંકીએ પુત્રી ભૂમિકાને પોતાના પિયર, કપડવંજના ઘઉંઆ ગામે મોકલી દીધી હતી. હાલમાં દોઢેક માસ પહેલા જ તેને માતા-પિતા પાસે મોકલી હતી. ગુરુપૂર્ણિમા, એટલે કે 10 જુલાઈના રોજ, પિતા વિજયભાઈ સોલંકી, માતા અંજનાબેન સોલંકી અને સાત વર્ષની દીકરી ભૂમિકાબેન સોલંકી દીપેશ્વરી માતાના મંદિરે દર્શન કરવા બાઈક પર નીકળ્યા હતા. માતાજીના દર્શન કરીને પરત ફરતી વખતે કપડવંજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલ પરના વાઘાવત પુલ ખાતે, પિતા વિજયે પગમાં





ખાલી ચઢી છે તેવું કહી એકાએક બાઈક ઊભું રાખ્યું હતું. તે બાદ દીકરીને કેનાલની પાળી પર ઊભી રાખી તેને ધક્કો મારી દીધો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ગુરુપૂર્ણિમાની રાત્રે મૃતક ભૂમિકાના મોસાળ પક્ષના મામા અવિનાશભાઈ ચૌહાણ ઉપર ફોન આવ્યો અને તેમને ભૂમિકાને કેનાલમાં ફેંકી દીધાની જાણ થઈ. મોસાળ પક્ષના લગભગ 50 જેટલા લોકો વઘાવત કેનાલ ઉપર પહોંચ્યા અને પોલીસને બોલાવી હતી. પોલીસે શોધખોળ કરતા 11 જુલાઈના રોજ બે કલાકની જહેમત બાદ બપોરે અંદાજે 12 વાગ્યાની આસપાસ દીકરીનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ મળ્યા બાદ પોલીસે માતા-પિતાની પૂછપરછ કરતા બંને એકબીજા ઉપર આક્ષેપો કરવા લાગ્યા હતા. માતા અંજનાએ પતિ વિજય પર દીકરીને કેનાલમાં ફેંકી દેવાનો આરોપ લગાવ્યો, તો બીજી તરફ પિતા વિજય સોલંકીએ કથિત રીતે જણાવ્યું કે, દીકરી ન ગમતી હોવાના કારણે અને દીકરો ન હોવાથી ક્રોધમાં આવી જઈ, ‘દીકરો મેળવવા માટે માતાજીને બલી ચઢાવી છે.’ તેમ કહી દીકરીને નહેરમાં ફેંકી દીધી હતી. આક્ષેપ-પ્રતિઆક્ષેપ વચ્ચે આતરસુંબા પોલીસે શરૂઆતમાં નર્મદા કેનાલના બ્રિજ ઉપર માછલી બતાવવા જતા પિતાના હાથમાંથી દીકરી છટકીને પડી ગઈ અને પાણીમાં ડૂબી જવાથી મોત થયું તેમ નોંધીને માત્ર અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો હતો. જો કે, આ બાદ મોસાળ પક્ષે હકીકત તપાસ કરી અપરાધી પિતા વિરુદ્ધ ગુનો દાખલ કરવાની માંગણી કરી છે.

### પિતાનાઅણગમાથીદીકરીનુંમોસાળમોકલાઈ



મૃતક દીકરી ભૂમિકા પોતાના માતા-પિતાની નાની દીકરી હતી. બીજી દીકરીનો જન્મ થવાથી કળિયુગી પિતા વિજય સોલંકીને તેની પ્રત્યે અણગમો હતો. તેના કારણે જ માતા અંજનાબેન દીકરીને પોતાના પિયર એટલે કે ભૂમિકાને તેના મામાના ઘરે મૂકી આવી હતી. છેલ્લા સાત વર્ષથી ભૂમિકા પોતાના નાના-નાનીના ઘરે લાડકોડ અને ખુશીથી ઉછરી રહી હતી. દોઢેક મહિના પહેલા જ મોસાળ પક્ષના પરિવારે વિચાર્યું કે દીકરી હવે સમજણી થઈ છે અને તેને તેના મા-બાપના ઘરે મોકલી દેવી જોઈએ. દરમિયાન, દોઢ માસમાં જ દીકરાના મોહમાં સગા પિતાએ આ દીકરીને મોતને ઘાટ ઉતારી છે.

### માછલી બતાવવાના બહાને મોતને ઘાટ: માતા



મૃતક દીકરીની માતા અંજનાબેને રડતા આક્રંદે જણાવ્યું કે, “મારો પતિ મને ખબર ન પડે તે રીતે ભૂમિકાને કેનાલની પાળી ઉપર ઊભી રાખી, માછલી બતાવું છું તેમ કહી ઉચકીને સીધી જ કેનાલમાં ધક્કો મારી દીધો. હું કંઈપણ સમજું એ પહેલા ભૂમિ કેનાલમાં પડી ગઈ અને હું જોતી રહી ગઈ.” આ કૃત્ય બાદ વિજયે જબરદસ્તી અંજનાબેનને બાઈક પર બેસાડી પોતાના ઘરે, ચેલાવત માલવણ લઈ ગયો હતો.

### પોલીસ પર આરોપીઓને છાવરવાનો આક્ષેપ

પોલીસ દ્વારા માત્ર અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો હતો, ત્યારે મૃતક દીકરીના મોસાળ પક્ષના પરિવારમાંથી મામા અવિનાશભાઈ ચૌહાણ અને નાના ભલાભાઈ ચૌહાણ દ્વારા નિષ્પક્ષ તપાસ અને ફરિયાદ દાખલ કરવાની માંગ કરી હતી. નાના ભલાભાઈ ચૌહાણે આતરસુંબા પોલીસમાં ફરિયાદ દાખલ કરવાનું કહેતા, પોલીસે ‘તમે ફરિયાદ ન આપી શકો’ તેમ કહી ફરિયાદ લેવાનો ગંભીર ઇન્કાર કર્યો હોવાનો આક્ષેપ કરાયો છે.

### મોસાળ પક્ષે વકીલ મારફતે ન્યાયની લડત આદરી

આ ઘટના બાદ દીકરીના મોસાળ પક્ષના નાના દ્વારા વકીલ મારફતે લેખિતમાં સમગ્ર ઘટના અંગે ફરિયાદ દાખલ કરવા માટે ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા, કપડવંજ ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક વી.એન. સોલંકી અને આતરસુંબા પોલીસ ઇન્સ્પેક્ટરને રજીસ્ટર એડી મારફતે પત્ર મોકલી એફઆઇઆર દાખલ કરવા જણાવ્યું છે. મોસાળ પક્ષના પરિવારની એક જ માંગ છે કે દીકરી ભૂમિકાને મોતને ઘાટ ઉતારવા પાછળ માતા અંજના કે જમાઈ વિજય સોલંકી, કોઈપણ આરોપી હોય, તેની નિષ્પક્ષ તપાસ કરીને મૃતક દીકરીને ન્યાય મળવો જોઈએ.

### માતાએ એંધાણી આપતા પોલીસને સ્થળ મળ્યું

માતા અંજનાબેને જ પોલીસને ઘટના સ્થળ બતાવવામાં મદદ કરી હતી. શરૂઆતમાં તેમને ચોક્કસ સ્થળની જાણ નહોતી, પરંતુ દીકરીના પીળા રંગના ચંપલ અંગે પોલીસને જાણ કરી હતી. તે એંધાણી મળતા જ પોલીસે સ્થળ પર આ ચંપલ શોધી કાઢ્યા હતા અને બાદમાં નજીકના સ્થાનેથી દીકરીનો મૃતદેહ કેનાલમાંથી મળી આવ્યો હતો.

### નડિયાદ નગરપાલિકાના ભરતી કૌભાંડમાં કાર્યવાહીમાં વિલંબથી અનેક તર્ક વિતર્ક ઉઠી

# પાલિકાના ભરતી કૌભાંડમાં તપાસનાં નાટક?

**ભાજપના જ પૂર્વ પ્રમુખે** ACBને પત્ર લખી કરી હતી માંગણી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 14

નડિયાદ નગરપાલિકામાં વર્ષ 2014માં રોજમદાર તરીકે ભરતી કર્યા બાદ 2019માં કાયમી કરવા સુધીના ભરતી કૌભાંડમાં કાર્યવાહીમાં વિલંબ થઈ રહ્યો છે. જે મામલે ભરતી કૌભાંડને સામે લાવનાર એક્ટીવીસ્ટ દ્વારા તંત્ર સામે અનેક સવાલો ઉભા કરવામાં આવ્યા છે. મહત્વની બાબત એ છે કે, 23 જૂન, 2025થી સરકારે આ પ્રકરણ સંબંધિત તમામ દસ્તાવેજો મનપા કમિશનરને કાર્યવાહી અર્થે મોકલ્યા છે, તેમ છતાં અમલવારીમાં વિલંબ જોવા મળી રહ્યો છે.

આ સમગ્ર મામલે કાર્યવાહી કરવાની માંગ 11 વર્ષથી થઈ રહી હતી, પરંતુ સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે નડિયાદ નગરપાલિકાના ભાજપના જ પૂર્વ પ્રમુખ દિપીકાબેન અમિતભાઈ પટેલ દ્વારા આ કૌભાંડ સામે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે 3 જાન્યુઆરી, 2021ના રોજ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના ડી.જી.પી.ને પત્ર લખીને કાર્યવાહીની માંગણી કરી હતી. પત્રમાં તેમણે



નગરપાલિકાના વહીવટકર્તાઓ અને જાહેરસેવક સત્તાવાળાઓ દ્વારા સત્તાનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર આચરવા અને અયોગ્ય ઉમેદવારોની તરફેણ કરી સરકારી નાણાંનું કૌભાંડ કરવા બદલ તમામ જવાબદારો સામે ફરિયાદ દાખલ કરવા વિનંતી કરી હતી. પૂર્વ પ્રમુખના પત્ર બાદ એસીબીએ પણ સમગ્ર ભરતી કૌભાંડને ધ્યાનમાં લીધું હતું અને ગેરકાયદેસર ભરતી થયેલા કર્મચારીઓ સામે કાર્યવાહી કરવા માટે વારંવાર સરકારમાં પત્રો લખ્યા હતા. તેમ છતાં, આજદિન સુધી આ મામલે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. રાજ્ય સરકારે કમિશ્નરને કાર્યવાહી માટે તમામ દસ્તાવેજો મોકલ્યા હોવા છતાં, 20 દિવસથી વધુનો સમય વીતી જવા છતાં સરકારી આદેશની અમલવારી કરવામાં આવી નથી. કાર્યવાહીમાં થઈ રહેલા આ વિલંબ સામે અનેક સવાલો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે, નડિયાદ નગરપાલિકા દ્વારા કરાયેલી ભરતીને લઈ અનેક વિવાદ પહેલા પણ ઊભા થઈ ચુક્યાં છે. હવે મનપા કમિશનર ઝડપી પગલા ભરે તે જરૂરી બન્યું છે.

### આણંદ મનપાના કમિશનર અને કલેક્ટરે ઓવરબ્રિજ પર પહોંચ્યાં

# ટ્રાફિકથી ભરચક રહેતા ભાલેજ ઓવરબ્રિજની ચકાસણી કરાઈ

**સીટી એન્જિનિયર,** કાર્યપાલક ઇજનેર પણ સ્થળ નિરીક્ષણની કામગીરીમાં જોડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.14

આણંદ શહેરના ટ્રાફિકથી ભરચક રહેતા ભાલેજ ઓવરબ્રિજ ખાતે સોમવારના રોજ મ્યુનિસિપલ કમિશનર અને કલેક્ટર દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કેટલીક ક્ષતિ જોવા મળી હતી. જે અંગે સ્થળ પર સુચના આપવામાં આવી હતી. આ નિરીક્ષણ દરમિયાન માર્ગ - મકાન વિભાગના એન્જિનીયર્સની ટીમ પણ જોડાઈ હતી. પ્રાથમિક તપાસમાં ફૂટપાથ, રેલીંગ સહિતનું તાત્કાલિક મરામત કરવાના આદેશો છુટ્યાં હતાં.

આણંદમાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદને કારણે અનેક રસ્તાઓ ક્ષતિગ્રસ્ત બન્યા છે, ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો અનુસાર આણંદ કલેકટર અને આણંદ મહાનગરપાલિકાના વહીવટદાર પ્રવીણ ચૌધરી અને આણંદ મહાનગરપાલિકાના કમિશનર



મિલિંદ બાપનાએ સોમવારના રોજ આણંદ - ભાલેજ રોડ પર ઈસ્માઈલનગર સ્થિત ઓવરબ્રિજ અને ગણેશ ચોકડી રાજોડપુરા સ્થિત ઓવરબ્રિજની સ્થળ મુલાકાત કરી ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

આ સમયે તેમની સાથે કાર્યપાલક ઈજનેર હિતેશ ગઢવી, સ્ટ્રક્ચર એન્જિનિયર હેતલબેન ભટ્ટ, નાયબ કાર્યપાલક ઈજનેર જીગર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા અને કલેક્ટર અને કમિશનરને બ્રિજની પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. આ તપાસણીમાં કલેક્ટરે બ્રિજ ઉપર સાઈડમાં વેજીટેસન દૂર કરવા માટે અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત બ્રિજ ઉપર ફૂટપાથ ડેમેજ જણાય છે, જે સેક્શનની રીપેરીંગ કરવા માટે તાત્કાલિક રેલવે તંત્રને જાણ કરવા જણાવ્યું હતું, જે અંગે કાર્યપાલક ઈજનેર દ્વારા રેલવેના અધિકારીઓને ફોન દ્વારા જાણ કરી હતી અને તે અંગેનો પત્ર પણ લખી તાકીદે રેલવે ઓવર બ્રિજ ફૂટ પાથનું રીપેરીંગ કામ કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત સ્ટ્રક્ચર એન્જિનિયર હેતલબેન ભટ્ટે પણ ભાલેજ રોડ બ્રિજ ઉપર સેફ્ટી માટે રેલિંગની હાઈટ વધારવાની જરૂરિયાત જણાવી હતી. આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપનાએ મહાનગરપાલિકાના સીટી એન્જિનિયર જીગર પટેલને આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા ઓવરબ્રિજ અને રસ્તાઓ ઉપર વરસાદના કારણે ખરાબ થયેલ રોડ તાકીદે મોટરરેબલ બનાવવા માટે સૂચના આપી હતી.

# બોરસદમાં દાંડી માર્ગનું ગરનાળું જર્જરિત થતાં પ્રતિબંધિત કરાયું

**પાંચ નાળાં વિસ્તારમાં** જુના ગરનાળાના એક ભાગ પરથી વાહનોની અવરજવર સ્થગિત

(પ્રતિનિધિ) બોરસદ,તા.14

બોરસદના દાંડી માર્ગ પરના પાંચ નાળાં વિસ્તારમાં ગરનાળું જર્જરિત જણાતાં તાત્કાલિક અસરથી નાના મોટા તમામ વાહનો માટે અવરજવર બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

બોરસદના દાંડી માર્ગ પર પાંચ ગરનાળા વિસ્તારમાં સૂર્ય મંદિર નજીકનુ ગરનાળું છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત થઈ ગયું હતું. છતાં પણ બેરોકટોક નાના મોટા વાહનોની અવરજવર નિરંતર રહેતી હતી. આ માર્ગ પરના ગરનાળાની સ્થિતિ ઘણી બધી જોખમી છતાં પણ તંત્ર બેફિકર રહ્યું હતું. પરંતુ ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ દાંડી માર્ગ વિભાગ અને વહીવટી તંત્રને એકાએક જ તપાસ કરવાનું યાદ આવ્યું હતું. આ તપાસ દરમિયાન ગરનાળાનો કેટલોક ભાગ જર્જરિત જણાતાં તાત્કાલિક અસરથી તમામ પ્રકારની અવરજવર બંધ કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગરનાળાનો એક ભાગ અવરજવર માટે બિલકુલ પ્રતિબંધિત કરાયો છે. વાહનનો અવરજવર અટકાવવા માટે સોમવારે બપોર બાદ એક તરફના ગરનાળાના ભાગમાં કામચલાઉ ધોરણે અવરોધરૂપ માટીના ઢગલા તેમજ પટ્ટીની આડસો કરી દેવામાં આવી છે. જેથી ગરનાળા પરની અવરજવર બિલકુલ બંધ થઈ જવા પામી છે. જોકે ગરનાળાના બીજી તરફના ભાગમાં વાહનોની અવરજવર યથાવત રાખવામાં આવી છે. જેથી આ ભાગમાં વાહનોની અવરજવર વધવાથી સમયાંતરે જોખમ થવાની ભીતી પણ વ્યક્ત કરવામાં આવી છે.

# મહેમદાવાદના યુવક સાથે ₹1.33 લાખની છેતરપિંડી

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.14

મહેમદાવાદમાં રહેતા શિલ્પન વિનોદભાઈ પટેલ ઓનલાઈન છેતરપિંડીના શિકાર બન્યા હતાં. પહેલી જૂનના રોજ ક્રેડિટ કાર્ડ આપવા સંદર્ભે શિલ્પનભાઈ પર ફોન આવ્યો હતો. તે ઈસમે એચડીએફસી ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી બોલતો હોવાનું જણાવ્યું હતુ. તે સાથે ફોન કોલ્સમાં ક્રેડિટ કાર્ડની રીકવાયરમેન્ટ છે ? તેમ પણ પુછ્યુ હતુ. જોકે, શિલ્પનભાઈએ ના પાડીને ફોન કટ કર્યો હતો. જોકે, ઠગબાજ આટલી વારમાં ચાલાકી કરી ગયો હતો અને પંદરેક મિનીટ પછી શિલ્પનભાઈના એસબીઆઈ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ટ્રાન્ઝેકશન થયેલો હોવાનો મેઈલ આવ્યો હતો. જેના અનુસંધાને ઠગબાજે રૂ.88,858.40- તેમજ 45,027.50 ના બે ટ્રાન્ઝેકશન કરી શિલ્પનભાઈ સાથે કુલ રૂ.1,33,285-નું ઓનલાઈન ફ્રોડ કર્યુ હતુ. આ અંગે શિલ્પને મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઠગબાજ સામે ફરીયાદ નોંધાવી હતી.

# ખેડામાં 15 જૂના પુલનું ફેર ઈન્સપેક્શન

**ગાંધીનગરની** ડિઝાઈન વર્તુળ ટીમ કન્સલન્ટ સાથે મળી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 14

ખેડા જિલ્લામાં પુલોની સલામતી અને જાળવણી સુનિશ્ચિત કરવાના ભાગરૂપે માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ દ્વારા હાલમાં સઘન ફેર ઈન્સપેક્શનની કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરની ડિઝાઈન વર્તુળની ટીમ અને કન્સલ્ટન્ટની ટીમને સાથે રાખીને આ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે.

જિલ્લામાં માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હેઠળના કુલ 34 બ્રિજ પૈકી, 20 વર્ષ કરતાં વધુ જૂના 15 બ્રિજનું ઝીણવટભર્યું



ફેર ઈન્સપેક્શન કરવામાં આવ્યું છે. ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્ય સરકારના આદેશથી માર્ગ અને મકાન સ્ટેટ અને ગાંધીનગરની ડિઝાઈન વર્તુળ ટીમ સાથે કન્સલટન્ટની ટીમે મળી આ ઈન્સપેક્શન હાથ ધર્યુ છે અને આ કામગીરી હજુ પણ ચાલુ છે. હાલમાં બે મેજર બ્રિજ પર સમારકામ ચાલી રહ્યું છે: રસિકપુરા-સાબરમતી બ્રિજનું રીપેરીંગ એપ્રિલ મહિનાથી અને સેવાલિયા-મહિસાગર બ્રિજનું રીપેરીંગ જૂન મહિનાથી શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, બે માઈનોર બ્રિજ નવા બનાવવાની પ્રક્રિયા હેઠળ છે. બેટાવાળા-નિરમાલી રોડ પરના બ્રિજ માટે વર્ક ઓર્ડર અપાઈ ગયો છે, જ્યારે અલિણા-પણસોરા રોડ (હેરંજ પાસે) માટે ટેન્ડરીંગની પ્રક્રિયા ચાલી રહી છે, જેનો વર્ક ઓર્ડર આગામી દિવસોમાં અપાશે. માર્ગ અને મકાન સ્ટેટ વિભાગના કાર્યપાલક ઈજનેર વિવેકસિંહ જાએ જણાવ્યું હતું કે, બ્રિજનું રીપેરીંગ એ પીરીઓડીક મેઈન્ટેનન્સ અંતર્ગત ચાલતી સતત પ્રક્રિયા છે. ખેડા જિલ્લામાં માર્ગ અને મકાન સ્ટેટ અંતર્ગત આવતા તમામ બ્રિજો સુરક્ષિત છે અને આ સતત ચાલતી પ્રક્રિયાને કારણે બ્રિજ સંબંધિત કોઈ મોટી કે મેજર ફરિયાદ નોંધાઈ નથી.

ગંભીરા બ્રિજની ઘટના બાદ રાજ્યવ્યાપી ઝુંબેશમાં ખેડાના પણ બ્રિજ ચકાસણીની કવાયત હાથ ધરાઈ છે.


HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નંબર ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ, સૈદાપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૧૫.

બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ, પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શીવરંજની ચાર રસ્તા પાસે, સેટલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

સૌરભકુમાર નાપીત મો. ૭૮૭૪૮૨૮૭૮૯, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો. ૭૦૪૮૩૩૬૬૦૧, સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮ શિવમ મીશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭, E-mail auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓક્શન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ નાઅધિકૃત અધિકારીએ નીચે જણાવેલા દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજે લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતોનું વેચાણ કરવા માટે ઇચ્છુક બીડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી સાંકેતિક કબ્જાવાળી મિલકતો માટે - જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો નીચે મુજબ છે :

| ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|
| ઉધારકર્તા: પ્રશાંતકુમાર મેકવાન<br>સહ-ઉધારકર્તા: જયંતિભાઈ મેકવાન<br>સહ-ઉધારકર્તા: વિજયાબેન જયંતિભાઈ | A/C No. GJ/AND/ANAD/A000000024 | ૦૯-૦૮-૨૦૨૪<br>રૂા. ૭,૮૦,૦૮૧/- | ૨૨-૦૨-૨૦૨૫<br>ફિઝિકલ પઝેશન | ૨૨-૦૭-૨૦૨૫<br>સમય ૧૧-૦૦ થી ૨-૦૦ | રૂા. ૮,૮૬,૮૯૬/- | રૂા. ૮૮,૬૮૯/- |

**સ્થાવર મિલકતનું વર્ણન :** ગુજરાત રાજય ના જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ આણંદ સબ ડીસ્ટ્રીકટ આણંદ, તાલુકે આણંદના મોજે ગામ કરમસદ મુકામે સી.ટી.સર્વે નં. ૨૩૬૪ શીટ નં. ૧૩ જેનું ક્ષેત્રફળ ૩૩.૪૪૫૨ ચો.મી. અને સી.ટી. સર્વે નં. ૨૩૬૫ જેનું ક્ષેત્રફળ ૧૪.૩૦૭૧ ચો.મી. જેનો કરમસદ નગરપાલિકા મકાન મિલકત નંબર ૩/૭૭૮ વાળી મિલકત જેની ચતુઃસિમા નીચે મુજબ છે. ઉતરે :- સી.ટી. સર્વે નં ૨૩૬૩ આવેલ છે. દક્ષિણે – રોડ આવેલ છે પૂર્વે :- સી.ટી. સર્વે નં ૨૩૬૬ આવેલ છે. પશ્ચિમે:- રોડ આવેલ છે.

શરતો અને નિયમો : ૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૩૦-૦૭-૨૦૨૫ ના રોજ બપોરે 3.00 વાગ્યા** સુધીમાં ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાયઃ https://bankeauctions.com અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ **(હરાજીની તારીખ): ૩૧-૦૭-૨૦૦૨૫** ના https://bankeauctions.com ઉપર **બપોરે 3.00 થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. 3. ઉપર જણાવેલી મિલકત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની તરફેણમાં બનાવવાનો રહેશે.૫. ઓકશન/બીડીંગ માત્ર ’ ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ http://bankeauctions.com ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક https://bankeauctions.com/registration/ sinup ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન ઈન્ડિયા પ્રા.લિ. ની વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૭૮૭૪૮૨૮૭૮૯ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮ અથવા સર્વિસ પ્રોવાઇડર મેસર્સ સી 1 ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, પ્લોટ નંબર-68,3જી ફ્લોર સેક્ટર 44 ગુડગાંવ હરિયાણા-122003 (સંપર્ક નં. 7291981124,25,26) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ ઇમેઇલ-Support@bankeauctions.com, શ્રી ભાવિક આર પંડ્યા મોબ. 8866682937. ઇમેઇલ કરોઃ Gujarat@c1india.com. હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://bankeauctions.com ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

સ્થળ : આણંદ | તારીખ : ૧૫-૦૭-૨૦૨૫ | અધિકૃત અધિકારી : હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ